"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તંત્રી શ્રી, ____________________

તા: ૧૬/૧૨/૨૦૧૬
સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## મૂળ સુરતના, અમેરિકન નાગરિકત્વ ધરાવતા
## અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી સમાજના બ્રેનડેડ મિનાક્ષીબેન શાંતિલાલ ગાંધીના અંગોનું દાન કરી
## ગાંધી પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

નામ : મિનાક્ષીબેન શાંતિલાલ ગાંધી ઉ. વ. ૭૦ બ્લડ ગ્રુપ: AB +VE

રહેવાસી : A-૪૦૧, રાજહંસ એપલ, કેનાલ રોડ. પાલનપુર પાટીયા, પાલ, સુરત.

મૂળ રહેવાસી : ન્યુયોર્ક, યુ. એસ. એ.

કૌટુંબિક વિગત : પતિ: શાંતિલાલ ચુનીલાલ ગાંધી ઉ. વ. ૭૧

નિવૃત જીવન

પુત્ર: પીયુશ શાંતિલાલ ગાંધી ઉ. વ. ૪૫

ટોરેન્ટો-કેનેડામાં એક કંપનીમાં ફરજ બજાવે છે.

પુત્રી: સ્મિતા રાજીવ મોદી ઉ. વ. ૪૧

૨....

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7657 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

બુધવાર તા:૧૪ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ મિનાક્ષીબેન પોતાના ઘરે બેઠા હતા ત્યારે સાંજે ૬:૦૦ થી ૬:૧૫ કલાક દરમ્યાન તેમને વોમીટ થતાં તેઓ બેભાન થઇ ગયા હતાં. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સાંજે ૬:૪૫ કલાકે BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલમાં ન્યુરોફીજીશ્યન ડૉ. રોશન પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે CT સ્કેન કરાવતાં તેમાં બ્રેઈન હેમરેજ હોવાનું માલુમ પડ્યું હતું.

ગુરૂવાર તા: ૧૫ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. રોશન પટેલ અને ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાએ મિનાક્ષીબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

ચેમ્બર ઓફ કોમેર્સની મેનેર્જીંગ કમિટીના સભ્ય પરેશ મોદીએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી મિનાક્ષીબેનના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.
ડોનટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી મિનાક્ષીબેનના પતિ શાંતિલાલ, પુત્ર પીયુશ, પુત્રી સ્મિતા અને જમાઈ રાજીવ મોદીને તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

મિનાક્ષીબેનના પતિ શાંતિલાલ, પુત્ર પીયુશ, પુત્રી સ્મિતા અને જમાઈ રાજીવે જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે તો તેમનાં અંગોનું દાન કરાવીને કોઈક લાડકવાયાને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. વધુમાં તેમની પુત્રી સ્મિતાએ જણાવ્યું હતું કે મારા મમ્મી હંમેશા પરોપકારી હતાં તેઓ હંમેશા કહેતા હતા કે આપણે હંમેશા બીજાના જીવનમાં મદદરૂપ થવું જોઈએ. આથી જયારે તેઓ બ્રેનડેડ છે, ત્યારે તેઓ મૃત્યુ પામ્યા પછી પણ બીજી વ્યક્તિને નવજીવન આપી શકશે.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો.જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.જયારે બે ચક્ષુઓનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat. India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014



દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની અમરેલીના રહેવાસી વિનુભાઈ શામજીભાઈ ધોધારી ઉ. વ. ૪૨માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર અમદાવાદના રહેવાસી બીરેન ગીરીશભાઈ મહેતા ઉ.વ. ૪૨માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં મિનાક્ષીબેનના પતિ શાંતિલાલ, પુત્ર પિયુશ, પુત્રી સ્મિતા મોદી, જમાઈ રાજીવ મોદી, ન્યુરોફીજીશ્યન ડો. રોશન પટેલ, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ઇન્ટેન્સીવીસ્ટ ડો. ચેતન મેહતા, BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા અને પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૭૬ કિડની, ૬૪ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૪ ચક્ષુઓનો દાન મેળવીને ૪૦૪ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.